અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શિયલ
પાયલોટ લાઈસન્સ/ટ્રેઈની પાયલોટની
તાલીમ માટે નાણાકીય સહાય આપવા
બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અજાક-૧૩૦૬-ન.બા.૧૦-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૪/૩/૨૦૦૯

વંચાણે લીધા:-

૧. ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૧/૧૦/૮૭ નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ-૧૦૮૭-મુમ-/૧૨૪૭-જ

૨. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૧૦/૯૯ નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ-૧૦૯૮-ન.બા.૧૬-ગ

૩. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૩/૦૭ તથા તા.૨૧/૧/૦૯ નો ઠરાવ ક્રમાંક:અજાક-૧૩૦૬-ન.બા.૧૦-ગ

ઠરાવ:-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે વાર્ષિક ૪ ટકાના દરે લોન આપવાની યોજના અમલમાં છે. આ લોનની રકમ માં વખતો વખત વધારો થતાં વસુલાત માટે મુદ્દલ અને વ્યાજ વસુલાતના હપ્તા નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શિયલ પાયલોટ લાઈસન્સ/ટ્રેઈની પાયલોટની તાલીમ માટે આપવામાં આવતી નાણાકીય લોન માટે વંચાણે લીધેલ સંદર્ભ નં.૧ તા.૨૧/૧૦/૮૭ ના ઠરાવની શરત નં.(૧૨) નકકી થયેલ છે તે સુધારીને નીચે મુજબ રાખવામાં આવે છે.

"(૧૨) લાભાર્થીને લોનની ચુકવણી થયાની તારીખથી એક વર્ષ પછી લોનની વસુલાત શરૂ કરવામાં આવશે. લાભાર્થીએ લોનની પરત ચુકવણી ૧૦ વર્ષમાં મુદ્દલ અને વ્યાજ ૨ વર્ષ એમ મળી ૧૨ વર્ષમાં સંપૂર્ણ રકમ વ્યાજ સહિત ભરપાઈ કરવાની રહેશે. તે અનુસાર માસિક હપ્તાની રકમની ગણત્રી કરી વસુલાતની કાર્યવાહી કરવાની રહેશે"

-P.T.O-

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ. રા. ગાંધીનગર
-6 MAR 2009
આવક નંબર.........